અધિક માસમાં દર્શન અને પવિત્ર સ્નાન કરવા આવેલા શ્રદ્ધાળુઓનો કિંમતી સમય ટ્રાફિકમાં વેડફાયો

# ગળતેશ્વર સ્થિત મહાદેવના ધામે ભક્તોની ભીડ વચ્ચે 'ટ્રાફિક લોક'

**અંબાવ ફાટકે** પોલીસની ઘોર બેદરકારીથી કલાકો સુધી ચક્કાજામ



(પ્રતિનિધિ) સેવાલીયા તા.૧૪

પવિત્ર અધિક માસ નિમિત્તે સુપ્રસિદ્ધ યાત્રાધામ ગળતેશ્વર ખાતે અત્યારે ભક્તોનું ઘોડાપૂર ઉમટી રહ્યું છે. મહીસાગર નદીમાં પવિત્ર સ્નાન અને મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવવા આવતા હજારો યાત્રિકો અત્યારે વહીવટી તંત્ર અને સ્થાનિક પોલીસની ઘોર બેદરકારીનો ભોગ બની રહ્યા છે. ટ્રાફિક નિયમનના યોગ્ય આયોજનના અભાવે અંબાવ ફાટક પાસે કલાકો સુધી ટ્રાફિક જામ સર્જાતા ભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ઠાસરાથી સેવાલીયા અને સેવાલીયાથી ઠાસરા તરફ જતા માર્ગ પર અંબાવ પાસે પરિસ્થિતિ અત્યંત ગંભીર બની છે. વાહનચાલકો અહીં જાણે વાહનોના કિલ્લામાં કેદ થઈ ગયા હોય તેવો અનુભવ કરી રહ્યા છે. આ અંગે સ્થાનિકોના જણાવ્યા અનુસાર, અંબાવથી ગળતેશ્વર તરફ વળતા વાહનોને સેવાલીયા તરફ સુરક્ષિત અને લાંબો યુ-ટર્ન આપવાના બદલે, પોલીસ દ્વારા નજીકમાં જ આડેધડ ડાયવર્ઝન આપી દેવાતા સેંકડો વાહનો સામસામે અટવાઈ પડ્યા હતા. આ અવ્યવસ્થાને કારણે દર્શનાર્થીઓનો મોટાભાગનો સમય રસ્તા પર જ વેડફાઈ રહ્યો છે. આટલી મોટી જનમેદની ઉમટતી હોવા છતાં સ્થળ પર પૂરતો પોલીસ કાફલો જોવા મળ્યો નહોતો. સમગ્ર ટ્રાફિક વ્યવસ્થા માત્ર TRB અને હોમગાર્ડના ભરોસે છોડી દેવામાં આવી છે.

### આગામી અમાસ પર સ્થિતિ વધુ વણસવાની ભીતિ

હજી અધિક માસની પવિત્ર અમાસ અને રવિવારની રજાઓ બાકી છે, જેમાં ભક્તોની સંખ્યામાં મોટો ઉછાળો આવવાની શક્યતા છે. જો પોલીસ તંત્ર હજી પણ નહીં જાગે તો પરિસ્થિતિ બેકાબૂ બની શકે છે. સ્થાનિક રહીશો અને પ્રવાસીઓ માગ કરી રહ્યા છે કે તાત્કાલિક ધોરણે ટ્રાફિક પોઈન્ટ પર પૂરતો પોલીસ કાફલો તૈનાત કરવામાં આવે અને કાયમી ઉકેલ લાવવા માટે ચુસ્ત નિયમનનું આયોજન કરવામાં આવે.

સરકારી પરિસરમાં બે-બે મહિના સુધી કવર ઢાંકીને વાહનો પડી રહ્યા છે

# કડાણા નહેર વિભાગની કચેરી ખાનગી પાર્કિંગ પ્લોટ બની!

**અરજદારોને** પાર્કિંગ માટે જગ્યા ન મળતા સ્થાનિકોમાં ભારે રોષ



(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૪

લુણાવાડામાં નેશનલ હાઈવેની બિલકુલ બાજુમાં આવેલી 'કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, કડાણા ડાબા કાંઠા નહેર પેટા વિભાગ' હાલ સરકારી કચેરી ઓછી અને ખાનગી કારોનું પાર્કિંગ સ્ટેન્ડ વધુ હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે. આ કચેરીના પરિસરમાં આજુબાજુના લોકો દ્વારા પોતાની ખાનગી કારો બે-બે મહિના સુધી કવર ઢાંકીને બિનવારસી હાલતમાં મૂકી દેવામાં આવતી હોવાની ગંભીર ફરિયાદ ઉઠી છે.

સ્થાનિક નાગરિકો અને અરજદારોમાં આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરકારી કામકાજ માટે આવતા સામાન્ય લોકોને પોતાની ગાડીઓ પાર્ક કરવા માટે જગ્યા મળતી નથી, કારણ કે આખું કેમ્પસ બિનઅધિકૃત ખાનગી વાહનોથી ઉભરાઈ રહ્યું છે. સુરક્ષાની દ્રષ્ટિએ પણ સરકારી કચેરીમાં આ પ્રકારે મહિનાઓ સુધી અજાણ્યા વાહનો પડી રહેવા એ એક મોટો પ્રશ્ન છે.

લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે નેશનલ હાઈવે જેવા વ્યસ્ત રોડ પર આવેલી આટલી મહત્વની કચેરીના જવાબદાર અધિકારીઓ આ બાબતની અવગણના કેમ કરી રહ્યા છે?

# કેરળમાં વૃદ્ધને બંધક બનાવી લૂંટ કરનારો નાપાથી પકડાયો

**બોરસદ** રૂરલ પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આરોપીને દબોચ્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.૧૪

કેરળમાં એક વૃદ્ધને તેમના જ ઘરમાં બંધક બનાવી લૂંટ ચલાવી ફરાર થઈ ગયેલો આરોપી બોરસદ તાલુકાના નાપા (તળપદ) ગામેથી પોલીસના હાથે આબાદ ઝડપાઈ ગયો છે.

કેરળ રાજ્યના કાસરગોડ જિલ્લાના ચેમીની પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા ૭૩ વર્ષના એક વૃદ્ધને તેમના જ ઘરમાં ગોંધી રાખી, જાનથી મારી નાખવાની ધમકી આપી લૂંટ ચલાવવાનો ગંભીર ગુનો નોંધાયો હતો. આ ગુનાનો મુખ્ય આરોપી બકસુઅલી અબ્બાસઅલી સૈયદ (રહે. નાપા તળપદ, તા. બોરસદ) ગુનો આચરીને કેરળથી ભાગી છૂટ્યો હતો અને બોરસદ રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં છુપાઈને રહેતો હતો.

દરમિયાનમાં કેરળ પોલીસની ટીમ શોધખોળ માટે બોરસદ રૂરલ પોલીસ સ્ટેશને આવી પહોંચી હતી અને સ્થાનિક પોલીસની મદદ માંગી હતી. આ મામલે પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર. ચૌધરીની આગેવાનીમાં એક ખાસ ટીમ તૈયાર કરવામાં આવી હતી. જેમાં નાપા બીટના ઈન્ચાર્જ હેડ કોન્સ્ટેબલ દીપેનભાઈ શિવરામભાઈ અને મિનેષભાઈ દાનિયલભાઈએ હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સનો સચોટ ઉપયોગ કરી આરોપી બકસુઅલીને તેના વતન નાપા ગામેથી શોધી કાઢ્યો હતો અને પકડી વધુ તપાસ અર્થે કેરળ પોલીસને સોંપવામાં આવ્યો છે.

પવિત્ર પુરુષોત્તમ માસમાં શ્રદ્ધાળુઓને હાલાકી, તંત્રની ઘોર નિદ્રા અને જાગૃત નાગરિકની સજાગતા

# યાત્રાધામ ડાકોરના ગોમતી ઘાટ પર દબાણોનો અજગરી ભરડો

**કરોડોના** ખર્ચે બનેલા ઘાટ પર લારી-ગલ્લાના અડીંગા



(પ્રતિનિધિ) ડાકોર તા.૧૪

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં પવિત્ર અધિક પુરુષોત્તમ માસ નિમિત્તે લાખોની સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી રહ્યા છે. ભગવાન રણછોડરાયજીના દર્શન સાથે ગોમતી તળાવમાં સ્નાન કરવાનું વિશેષ મહત્વ હોવાથી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ગોમતી ઘાટ પર પહોંચે છે. જોકે, તંત્રની બેદરકારીને કારણે યાત્રાળુઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ડાકોરમાં યાત્રિકોની સુવિધા માટે તંત્ર દ્વારા થોડા દિવસો અગાઉ જ ગોમતી તળાવમાં ફુવારાની વ્યવસ્થા કરવામાં આવી હતી, જે હાલ બંધ હાલતમાં જોવા મળે છે. ડાકોરના જાગૃત નાગરિક દીપકભાઈ સેવકે આ મામલે તંત્રની કામગીરી સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે કરોડોના ખર્ચે બનાવેલા ગોમતી ઘાટ પર લારીઓ અને પાથરણાંવાળાઓએ અડીંગો જમાવી દીધો છે, જેના કારણે શ્રદ્ધાળુઓને ચાલવામાં અને સ્નાન કરવામાં અડચણ ઉભી થઈ રહી છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, દીપકભાઈએ જાતે ગોમતી ઘાટ પર જઈ દબાણકર્તાઓને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, આ કરોડોનો ખર્ચ સરકારે તમારા માટે નહીં, પરંતુ યાત્રાળુઓની સુખ-સુવિધા અને સગવડ માટે કર્યો છે.

### સમસ્યા વકરવા છતાં તંત્રનું ભેદી મૌન

ડાકોર પાલિકા અને સંબંધિત તંત્ર જે કામગીરી કરવાની હોય તે એક સામાન્ય નાગરિકે કરવી પડી રહી છે. આટલા મોટા યાત્રાધામમાં તંત્ર હજુ પણ મૌન સેવીને દબાણકર્તાઓને છાવરી રહ્યું હોય તેવું જણાય છે. જો તંત્ર સમયસર યોગ્ય પગલાં નહીં લે તો આગામી દિવસોમાં યાત્રિકોની સુરક્ષા અને સુવિધા જોખમાઈ શકે છે.

# આણંદમાં ૧૦૩ ગ્લુ બોર્ડના જથ્થા સાથે વેપારી પકડાયો

**પ્લાસ્ટિકના** સામાનની આડમાં ચાલતા ગેરકાયદે વેચાણનો પર્દાફાશ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

ગુજરાત સરકાર દ્વારા પ્રતિબંધિત કરવામાં આવેલી 'માઉસ રેટ ગ્લુ પેડ' (ઉંદર પકડવાની ગુંદરવાળી જાળ) નું ગેરકાયદેસર વેચાણ કરતા આણંદના વેપારીને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે. પોલીસ દરોડા દરમિયાન દુકાનના ગોડાઉનમાંથી કુલ ૧૦૩ પ્રતિબંધિત ગ્લુ બોર્ડ મળી આવ્યા છે, જેની કિંમત ૧૦,૩૦૦/- આંકવામાં આવી છે.

મળતી વિગતો મુજબ, આણંદ સ્ટેશન રોડ પર આવેલા મેઈન બજારમાં 'નોવેલ્ટી પ્લાસ્ટિક' નામની દુકાન ધરાવતો વેપારી પોતાના ગોડાઉનમાં પ્લાસ્ટિકના સામાનની આડમાં આ પ્રતિબંધિત ગ્લુ પેડનું વેચાણ કરતો હોવાની ચોક્કસ બાતમી એસ.ઓ.જી. ને મળી હતી. આ બાતમીના આધારે પોલીસે તાકીદે 'નોવેલ્ટી પ્લાસ્ટિક'ના ગોડાઉનમાં દરોડો પાડ્યો હતો.

તપાસ દરમિયાન વેપારી ફહદ ઈરફાનભાઈ વોરા (રહે. મીસ ફલા સોસાયટી, આણંદ) ની હાજરીમાં જડતી લેતા, પ્લાસ્ટિકના જથ્થાની પાછળ છુપાવી રાખેલા ૧૦,૩૦૦/- ની કિંમતના કુલ ૧૦૩ નંગ પ્રતિબંધિત ગ્લુ બોર્ડ મળી આવ્યા હતા. એસ.ઓ.જી. પોલીસે આ મુદ્દામાલ જપ્ત કરી આરોપીની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજની સ્પંદન બાલમંદિરમાં ભૂલકાઓનો ઉમળકાભેર પ્રવેશોત્સવ યોજાયો

**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્પંદન બાલમંદિરમાં જ્ઞાનના આંગણે મંગલ ઘડી રૂપે પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ શાળામાં પ્રવેશતા નાના ભૂલકાઓને કુમકુમ તિલક કરી અને ગોળથી મોં મીઠું કરાવીને પરંપરાગત રીતે આવકારવામાં આવ્યા હતા. બાળકો પર ફૂલની પાંખડીઓ વરસાવીને તેમને અત્યંત સ્નેહ અને મમતા સાથે શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ નવતર અભિગમ દ્વારા બાળકોના શૈક્ષણિક જીવનના શ્રીગણેશ ખૂબ જ આનંદમય વાતાવરણમાં કરવામાં આવ્યા હતા.



### ખેડા કલેક્ટરે મોટીઝેર ગામની મુલાકાત લઈ વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરીની ખાતરી આપી

**ખેડા** | કપડવંજ તાલુકાના મોટીઝેર ગ્રામ પંચાયતની ખેડા કલેક્ટર વી.એન. ઉપાધ્યાયે મુલાકાત લઈને ગ્રામીણ વિકાસના વિવિધ પાસાઓની સમીક્ષા કરી હતી. કલેક્ટરે ધૂળીયા વાસણા વિસ્તારના પ્રશ્નો તથા શિક્ષણ, આરોગ્ય અને પુરવઠા જેવી પાયાની સેવાઓ અંગે ગ્રામજનો સાથે સીધો સંવાદ કર્યો હતો. વર્ષ ૨૦૨૫/૨૬ ના વિકાસ કામોને વેગ આપવા માટે કલેક્ટરે સૈદ્ધાંતિક મંજૂરી આપવા માટે હકારાત્મક વલણ દાખવી ખાતરી આપી હતી. આ મુલાકાત દરમિયાન પ્રાંત અધિકારી અને ટી.ડી.ઓ. સહિતના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં સરકારી યોજનાઓની વાસ્તવિક સ્થિતિનું નિરીક્ષણ કરાયું હતું.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### પેટલાદમાં મંત્રી કમલેશભાઈ પટેલે નિર્માણાધીન ટાઉનહોલનું નિરીક્ષણ કર્યું



**પેટલાદ** | 'પ્રગતિ પથ યાત્રા' અંતર્ગત નાણા રાજ્ય મંત્રીએ પેટલાદમાં અત્યાધુનિક ટાઉનહોલના નિર્માણકાર્યની પ્રગતિ અને ગુણવત્તાની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. મંત્રીએ જણાવ્યું હતું કે, આ નવો ટાઉનહોલ તૈયાર થયા બાદ શહેરની સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે એક મહત્વનું સીમાચિહ્નરૂપ કેન્દ્ર બની રહેશે. વિકાસ કાર્યોની સાથે જનહિત માટે પેટલાદમાં 'સેવાસેતુ' અને પાળજ ગામે 'જન કલ્યાણ શિબિર' યોજી નાગરિકોને સરકારી યોજનાઓના સીધા લાભો પહોંચાડવામાં આવ્યા હતા. પ્રમુખ કોકીલાબેન તળપદા સહિત અન્ય પદાધિકારીઓ, સભ્યો નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ખેડા જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને બાળ કલ્યાણ સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ

**નડિયાદ** | કલેક્ટર એન.વી. ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને મળેલી સમીક્ષા બેઠકમાં મિશન વાત્સલ્ય યોજના અને અન્ય બાળ કલ્યાણ લક્ષી યોજનાઓના લાભાર્થીઓ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠક દરમિયાન જાન્યુઆરીથી માર્ચ માસ સુધીની કામગીરીની સમીક્ષા કરી હતી. કલેક્ટર દ્વારા જિલ્લામાં બાળ મજૂરી નિવારવા માટે લેબર વિભાગને વધુ સતર્ક રહીને કામગીરી કરવા કડક સૂચના આપવામાં આવી હતી. આ સમીક્ષા બેઠકમાં સચિવ જે.જે. જાદવ, સીડબલ્યુસી ચેરમેન અમિત ડાભી સહિત પોલીસ, સિવિલ હોસ્પિટલ અને બાળ સુરક્ષા વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### ફાગવેલ ખાતે રાજ્યમંત્રી અને કલેક્ટરની ઉપસ્થિતિમાં સ્વચ્છતા સેવાનો કાર્યક્રમ યોજાયો

**આણંદ** | ફાગવેલના ભાથીજી મંદિરના પ્રાંગણમાં રાજ્યમંત્રી સંજયસિંહ મહિડા અને જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાય દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. મંત્રી અને કલેક્ટરે સ્વયં ઝાડું લગાવી શ્રમદાન કર્યું હતું અને ઉપસ્થિત સૌ નાગરિકોને પોતાના વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા અને આગ્રહી બનવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. આ પ્રસંગે ભાથીજી મહારાજના દર્શન અને મહા આરતીમાં સહભાગી થઈ મંત્રીએ જિલ્લાના તમામ નાગરિકોની સુખાકારી અને જન કલ્યાણ માટે મંગલ કામના કરી હતી. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી અને અન્ય પદાધિકારીઓ સહિત વહીવટી તંત્રના અધિકારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતાં.



### સોજીત્રાના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે વડાપ્રધાનના દીર્ઘાયુ માટે મહાઆરતી યોજાઈ

**સોજીત્રા** | સોજીત્રામાં ધારાસભ્ય વિપુલભાઈ પટેલ અને સંતોની ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે મહા આરતીનું આયોજન કરાયું હતું. દેશના સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર PM મોદીના આયુષ્ય માટે બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરે વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો અને સંગઠનના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, કાર્યકર્તાઓ અને હરિભક્તોએ સહભાગી થઈને આ ભક્તિમય કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



### ચરોતર પ્રદેશ આર્યસમાજ ખાતે એડવાન્સ કરાટે શિબિરના વિજેતા ખેલાડીઓનું સન્માન કરાયું



**આણંદ** | ચરોતર પ્રદેશ આર્યસમાજ અને વાડોકાઈ કરાટે ડો ફેડરેશન દ્વારા આયોજિત એડવાન્સ કરાટે કેમ્પ શિહાન જીગ્નેશ ઠક્કરના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો. આ શિબિરમાં કરાટેકાઓને એડવાન્સ ફાઈટિંગ ટેકનિક્સની સાથે લાઠી, નાનચાકુ અને રાઈફલ શૂટિંગ જેવી રક્ષણાત્મક કળાઓનું વિશેષ પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. સમાપન સમારોહમાં યોગા અને કરાટેના નિદર્શન સાથે ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે ચેમ્પિયનશિપના વિજેતા ખેલાડીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

### વિદ્યાનગરની સેમકોમ કોલેજની NSS પાંખ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉત્સાહભેર ઉજવણી



**આણંદ** | સી.વી.એમ. યુનિવર્સિટી સંલગ્ન સેમકોમ કોલેજ દ્વારા ઔષધીય અને પર્યાવરણલક્ષી રોપાઓનું વિતરણ તેમજ કેમ્પસમાં ૨૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ અવસરે □નો પ્લાસ્ટિક□ જાગૃતિ અભિયાન હેઠળ વિદ્યાર્થીઓએ શાસ્ત્રી મેદાન વિસ્તારમાંથી પ્લાસ્ટિક કચરો એકત્ર કરી તેના યોગ્ય નિકાલ દ્વારા સ્વચ્છતાનો સંદેશ ફેલાવ્યો હતો. પ્રિન્સિપાલ ડો. પ્રીતિ લુણાના અને એનએસએસ કાર્યક્રમ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકો અને સ્ટાફ મિત્રોએ હરિયાળા પર્યાવરણના નિર્માણ માટે સક્રિય ભાગ લીધો હતો.

### ચરોતર સાત ગામ પાટીદાર સમાજ દ્વારા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટ-ચોપડાનું વિતરણ કરાયું

**આણંદ** | વૈશ્વિક મોંઘવારીના કપરા સમયમાં વાલીઓને આર્થિક રાહત આપવા સમાજ દ્વારા શૈક્ષણિક સહાયનો સ્તુત્ય નિર્ણય લેવાયો છે. બાલમંદિરથી લઈ કોલેજ સુધી અભ્યાસ કરતા જ્ઞાતિના તમામ દીકરા-દીકરીઓને આ સેવાનો લાભ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે આ મહત્વપૂર્ણ મદદ મળતા જ્ઞાતિબંધુઓ અને વિદ્યાર્થીઓમાં ભારે આનંદ અને ખુશીની લહેર જોવા મળી છે. સમાજના ઉત્કર્ષ માટે નિ:સ્વાર્થ ભાવે દાન આપનાર તમામ દાતાશ્રીઓ અને ટ્રસ્ટીઓનો સમાજે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.



### સંતરામપુરના ખેડાપા ગામે ધારાસભ્ય કુબેરભાઈ ડીંડોરની અધ્યક્ષતામાં 'જન કલ્યાણ શિબિર' યોજાઈ

**સંતરામપુર** | મહીસાગર જિલ્લામાં ૨૦મી જૂન સુધી ચાલનારા 'જન કલ્યાણ અભિયાન' હેઠળ ખેડાપા ગામે શિબિર યોજી પાત્રતા ધરાવતા લાભાર્થીઓની સ્થળ પર જ નોંધણી કરાઇ હતી. આ પ્રસંગે ધારાસભ્યએ આયુષ્માન ભારત, પી.એમ. સૂર્યઘર અને લખપતિ દીદી જેવી યોજનાઓનો મહત્તમ લાભ લેવા ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. શિબિરમાં 'સુગમ ડિજિટલ ગુજરાત પોર્ટલ' અંગે માર્ગદર્શન સાથે વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના પ્રદર્શનો પણ યોજાયા હતા. પ્રાંત અધિકારી અને મામલતદાર સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં વહીવટી તંત્ર દ્વારા પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું.



### ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની IAS પ્રતિનિધિમંડળ દ્વારા મુલાકાત લેવામાં આવી

**આણંદ** | કેન્દ્રીય સહકારિતા મંત્રાલયના આઈએએસ અધિકારીઓ કુલદીપ પટેલ અને બિરજુ ગોપાલ ચૌધરીએ નડિયાદ સ્થિત ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની સૌજન્ય મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન બેંકની આધુનિક બેન્કિંગ સેવાઓ, ડિજિટલ સુવિધાઓ અને ૨૦૨૨થી થયેલી નોંધપાત્ર પ્રગતિની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. પ્રતિનિધિમંડળે બેંક દ્વારા સહકારી ક્ષેત્રના વિકાસ માટે લેવાયેલી વિવિધ પહેલોની પ્રશંસા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે બેંકના ચેરમેન તેજસભાઈ પટેલ, ડી.આર. પ્રીકલબેન કીકાણી અને સીઈઓ અરવિંદભાઈ ઠક્કર સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

